ॐ

2-7-19

॥ श्री गणेशायनमः ॥

जननी जन्मभूमिश्च स्वर्गादपि गरियसि "

रा' नवघण

नाटकना गायनो

કાન્ત નાટક સમાજ માટે

પ્રયોજક તથા પ્રકાશક

[illegible] એમ. [illegible] આશકરામ ઓઝા

[illegible]

[illegible] (વલસાડ)

પ્રત ૫૦૦૦

[illegible] છપાવી પ્રસિદ્ધ કર્તાએ [illegible] સ્વાધીન [illegible] છે. માટે તેમની [illegible] કોઇએ છાપવું કે [illegible] નહિ)

સને [illegible]

મૂલ્ય [illegible] આના

૭૦૪૯

વિજ્ઞપ્તી

સુજ્ઞ પ્રેક્ષકજનો !

પૃથ્વિપુત્ર અને જરાસંઘ પછી આ મારો ત્રીજો નાટ્ય પ્રયોગ આ રંગ ભુમિપર આજે રજુ થાય છે. જેવી રી મ્હારા પ્રથમના બે પ્રયોગોમાં મને સફળતા પ્રાપ્ત થઇ છે અને લોકરૂચીને મારી શકિત પ્રમાણે અનુસરી શક્યો છું તેવીજ રીતે આ નાટકને પ્રખ્યાત બનાવવા માટે આ રમા કાન્ત નાટક સમાજના સુશિક્ષિત મલેક તરફથી મને જે મદ મળી છે તેને માટે આ સ્થળે હું તેમનો અંતઃકરણ પૂ આભાર માનું છું સુજ્ઞ પ્રેક્ષકગણો પણ આ પ્રયોગને કીસ્મત યોગ્ય ન્યાય આપશો એવી આશા છે.

ગુજરાતી [illegible] કૃષ્ણ [illegible] ।
એકાદશી ૨૭ જુન સને ૧૯૨૧
[illegible] થીએટર સુરત.

પ્રજાનો નોકર
કવિ રામજી ભા.
[illegible]

શ્રીમદ્‌વાલ્ય સદ્‌ગુરવે નમઃ

રા' નવઘણ.

નાટકની પ્રવેશવાર ટુંક હકીકત.

અંક પહેલો

પ્રારંભ પ્રાર્થના—આદ નાટ્ય વસ્તુ સુચન.

પ્રવેશ ૧લો—સ્થળ ગિરિનાર ઉપર દેવાલય.

શીકારે નીકળેલા રા. કવાટનું સહકુટુંબ યાત્રાર્થે નીકળેલા હંડકરાજની પુત્રી ઉપર મોહાશકત થવું. અચાનક નીતિમાન પુત્ર નવઘણનું આવી ચડવું. પીતાના અત્યાચારનો અટકાવ. પીતા પુત્ર વચ્ચે તકરાર કચ્છના રા. લાખા ફુલાણીએ વચમાં પડી સમાધાન કરવું. ટેબ્લો.

પ્રવેશ રજો—ખાચરનું મકાન.

પોતાની બાયડીને ઘેર તેડી જવા હરભમનું પોતાના નોકર સાથે સાસરે આવવું. હીરબાઇની હઠ. સસરાની ગેરહાજરીમાં હીરબાઇનું હરણ કરી જવું.

પ્રવેશ ૩જો—ગિરિનારની તળેટીમાં હંડકરાજની શિબિર.

નવઘણના ગુણથી મુગ્ધ થએલી કાન્તાનો સખીયો સાથે વિનોદ, ઉત્તમ અતિથી સત્કાર અને રૂપ ચાતુર્યથી

મોહીત થયેલી કાંતાની નવઘણ પાસે પ્રેમની યાચના. નવઘણનો સ્વીકાર.

પ્રવેશ ૪થો—સ્થળ પાટણ, મૂળરાજનો મહાલય.

હંડકરાજ ઉપર ગુજરેલા અત્યાચારના સમાચાર, મૂળરાજ તથા કર્ણસીંહની ઉશ્કેરાઇ વેર લેવાની પ્રતિજ્ઞા સૈન્યની તઇયારી, કાન્તાની મુંઝવણ, નવઘણને ચેતવવા પુરૂષવેશે જવાની તઇયારી.

પ્રવેશ ૫મો—સ્થળ બોડીદરનેસ. દેવાઇતનું મકાન.

સ્વદેશપ્રેમી દેવાઇતકન્યા જેહલની સમાનવયની સહચરીઓ સાથે દેશ સેવા સંબંધી ચર્ચા. દેવાઇત તથા આમંતરાજની સોલંકીના સૈન્યને રોકવાની તથા રા. કવાટને ચેતવવા જુનાગઢ જવાની તઇયારી.

પ્રવેશ ૬ઠો—જુનાગઢમાં હરભમનું મકાન.

હરણ કરી લાવેલી હીરબાઇ સાથે હરભમના ઘરસંસારનું ચિત્ર. સોલંકી લશ્કર સાથે આવેલા ખાચરે જમાઇ સાથે તકરાર કરી હીરબાઇને પાછી પોતાની સાથે લઇ જવી.

પ્રવેશ ૭મો—નવઘણનું શયનગૃહ.

નીદ્રાવશ થયેલ કુમાર નવઘણનું ખુન કરવા રા. કવાટનો ગુપ્તવેશમાં છુપાયેલી કાંતા તથા ભાંડી

આવી અટકાવ કરવો. દેવાદત તથા કાંતાએ યુદ્ધના સમાચાર આપવા. સ્ત્રીપુત્રને દેવાદતને ત્યાં રાખી રા. કવાટનું લાખાસંગે રણક્ષેત્રમાં પ્રયાણ કરવું.

પ્રવેશ ૮મો—રણક્ષેત્ર.

રા. કવાટના તથા સોલંકીના સૈન્ય વચ્ચે ભયંકર યુદ્ધ, રા. કવાટનું પડવું. લાખાનું પલાયન થવું. ટેબ્લો.

અંક ૨ જો

પ્રવેશ ૧લો—સ્થળ બોડીહરનેસ.

જેહલ, કાંતા તથા નવઘણ વચ્ચે પરસ્પર આનંદ વિનોદ.

પ્રવેશ ૨જો—દેવાઇતનું મકાન.

દેવાઇતને ત્યાં રહેલ મોંઘીબા તથા નવઘણને શા. કવાટના પતનના સમાચાર, સર્વેનું દિલગીર થવું. નવઘણ કાંતા તથા મોંઘીબાને આશ્વાસન આપી શા. લાખાએ પોતાની સાથે કચ્છ લઇ જવા. દારૂડીયા બીજલની દારૂ પીવા માટે છ આનાના પઇસા માટે પોતાના ભાઇ દેવાઇત સાથે તકરાર. વેર લેવાના ઝનુનથી બીજલનું ચાલ્યા જવું. બાદ કર્ણસીંહની બાતમી મેળવવા દેવાઇતનું જુનાગઢ જવું.

પ્રવેશ ૩જો—જુનાગઢમાં હીંદુ હોટલ.

હોટલમાં ચાહ પીવા ભેગા થયેલા જુદી જુદી કોમોના સદ્‌ગૃહસ્થોને મહાત્મા દેવાઇતનો બોધ. ચાહથી થતા ગેરફાયદાનો આદર્શ ચિતાર. જનસમુહનો ચા નહિ પીવા માટે અસહકાર. હોટલના માલીકનો ક્રોધ.

પ્રવેશ ૪થો—પાટણ મહોલ્લો.

હીરબાઇને પાછી પોતાને ઘેર તેડી જવા હરખમનું ગાગરીયા ભટ્ટ બની મોહલ્લામાં કથા કરવી. હીરબાઇનું

કથા સાંભળવા ભક્તો સાથે આવવું અને ભટ્ટની સાથે પ્રેમમાં લપટાવું. અચાનક ખાચરના આવાવથી પોગળ ફુટી જવું.

પ્રવેશ ૫ મો—ખેતરમાં ગરીબ મજુરનું રહેઠાણુ.

મજુરી કરી તથા રેંટીયો કાંતી કુટુંબનું ગુજરાન ચલાવતા ગરીબ ખેડુત ઉપર કર્ણસીંહના અનુચર હીમાગનો જુલમ-અત્યાચાર મહાત્મા દેવાઇત તથા અસહકારી મંડળનું વચમાં પડવું દુઃખી ગરીબ મજુર કુટુંબનો અંત તથા કર્ણસીંહની કુરતા, મહાત્મા દેવાઇતનું કેદ પકડાવું.

પ્રવેશ ૬ઠો—કચ્છ. નવઘણનો મહાલય.

પુરૂષ વેશમાં રહેલી કાન્તાનું નવઘણ પાસે પ્રગટ થવું. વિશુદ્ધ પ્રેમવિનોદ.

પ્રવેશ ૭ મો—પાટણ. મહોલ્લો.

વંઠેલ હરિબાઇનું જાહેર લીલામ. શ્રીમંત શેઠ બની હુરબાએ તેને ખરીદ કરવી.

પ્રવેશ ૮ મો—જુનાગઢ. કર્ણસીંહનો મહાલય.

કર્ણસીંહની નવઘણનો નાશ કરવાની ચીંતા. નવઘણને મહાત્મા દેવાઈતના ઘરમાં છુપાવ્યો છે એવા સમાચાર બીજલે આવી આપવા. મહાત્મા તથા તેના સાતે છોકરાને પકડી મંગાવવા

નવઘણુનો છુપાવ્યા બદલ મહાત્મા ઉપર રાજદ્રોહનો આરોપ નવઘણુને છુપાવ્યાનો ઇન્કાર. પોતાના સાતે બાળકો નો વધ કરી પોતાની અડગ સ્વામીભકતીની કસોટી કરી બતાવવી. ઈર્ષાથી પોતાના ભાઇના બાળકોનો વધ કરાવનાર બીજલનું કર્ણસીંહની ગોળીથી હાર થવું.

પ્રવેશ ૯ મો—જેહલ. સામંતનો નીદોંષ આનંદ. બાદ દી માગે આવી બન્નેને કેદ કરી, જુનાગઢ લઇ જવા.

પવેશ ૧૦ મો—કચ્છ. લાખાનો મહાલય.

કાન્તાનો સહચરી સાથ વિનોદ. પોતાના દેશની થતી દુર્દશા તથા મહાત્મા દવાદત કુટુંબ ઉપર કર્ણસીંહ ગુજારેલા જુલમના સમાચાર. પીતાનું વેર લેવા અને મહાત્માને મુકત કરવા પોતાનું રાજપુનઃ મેળવવા લાખા સંગે ચઢાઈ લઈ જવાની તૈયારી.

પ્રવેશ ૧૧ મો—જુનાગઢ જેલખાનું.

મહાત્મા દેવાદત, સામંત, જેહલ ઉપર ગુજરતો જુલમ. કાન્તા કર્ણસીંહ વચ્ચે લડાઇ. બાદ લાખા તથા નવઘણનું આક્રમણ. કર્ણસીંહનો પરાજય તથા કેદ પકડાવું. ટેબ્લો.

અંક ત્રીજો.

પ્રવેશ ૧ લો—દરબાર.

પોતાનું રાજ્ય પુનઃ પ્રાપ્ત થવાથી નવઘણ લાખાનો સંતોષ. કર્ણસીંહને દેશપારની શીક્ષા મહાત્મા દેવાઇતને આશ્વાસન તથા પુરસ્કાર.

પ્રવેશ ૨ જો—બોડીદર પાસેનું અરણ્ય.

વનવિહાર કરવા નીકળેલી જેહલ પાસે શીકારે નીકળેલા સીંધના શાહજાદા હમ્મીરે મોહાસકત થઇ પ્રેમની માંગણી કરવી. જેહલની મુંઝવણ. એક માસની જાહેતલ માગવી. બાદ સામંતને ગુપ્ત રીતે નવઘણ ઉપર પત્ર લખી આપી પોતાનાં બચાવ માટે આવવા જુનાગઢ મોકલવો.

પ્રવેશ ૩ જો—જુનાગઢ, રાજમહેલ.

પત્ર લઇ સામંતનું નવઘણ પાસે આવી પહોંચવું, બ્હેનનાં બચાવ અર્થે સૈન્ય સહિત નવઘણનું નીકળી પડવું.

પ્રવેશ ૪ થો—ઘોર જંગલ.

ભયંકર રોગથી પીડાતા પાપી કર્ણસીંહનો પશ્ચાતાપ, પાપીને પાપ કર્મની ભયંકર શીક્ષા. જેહલના બચાવ અર્થે જતા કાન્તા નવઘણનો મેળાપ. ભાઇને દુઃખમુકત કરવા કાન્તાની દેવીની સ્તુતિ. દેવીએ પ્રગટ થઇ કર્ણસીંહને રોગથી

મુક્ત કરી, નવઘણને દીવ્ય તલવારની પ્રસાદી આપી આશીર્વાદ આપવો.

પ્રવેશ ૫ મો—હરાજીમાંથી ખરીદ કરેલી હીરબાઈ તથા હરભામનો કુંભારના ચાકડા જેવો ઘરસંસાર. ખાચર પાસે બધો ભેદ ખોલવો. બાદ સર્વનું સુધરી જવું.

પ્રવેશ ૬ ઠો—બોડીદાર પાસેના અરણ્યમાં હમ્મીરની છાવણી.

એક માસની મુદત વ્યતીત થતી જતી હોવાથી જેહલની મુંઝવણ. બાળીકા ઉપર હમ્મીરનો જુલ્મ તથા બળાત્કાર. અણીને પ્રસંગે નવઘણનું આવી પહોંચવું, લડાઈ, હમ્મીરનો પરાજય, ભૂલની માફી, ઉભયની એકતા.

સીન ટ્રાન્સફર.

હમ્મીરનું સ્વાગત, નવઘણ કાન્તા, જેહલ, સામંતના હસ્ત મેળાપ. અંતીમ. આનંદ

શાન્તી શાન્તી શાન્તી

મુખ્ય પાત્રો.

રા૦ કવાટ—જુનાગઢનો વિષય લંપટ રાજા.
રા૦ નવઘણ—તેનો નિતિમાન પુત્ર.
રા૦ લાખા ફુલાણી—કચ્છનો રાવ.
મુળરાજ સોલંકી—ગુજરાતનો રાજા.
દંડકુરાજ—મુળરાજના કાકા.
કર્ણસીંહ—તેનો અવિચારી પુત્ર, જુનાગઢનો સુબો.
દેવાઇત—સોરઠનો દેશભકત આહીર.
સામંતરાય—આહીર જાગીરદારનો સ્વદેશપ્રેમી પુત્ર
જેહલનો પ્રેમપાત્ર.
હમ્મીર—(સુમરો) સીંધનો શાહજાદો.
બીજલ—દેવાઇતનો દારૂડીયો ભાઈ.
હરભમ—રા૦ કવાટનો હજુરી, હીરબાઇનો ધણી.
આચર—મુળરાજનો હજુરી, હરભમનો સસરો.
છાબી લો—હરભમનો વફાદાર નોકર.

સ્ત્રી પાત્રો.

કાન્તા—દંડકરાજની પુત્રી, નવઘણની પત્ની.

જેહલ—દેવાઇતની કન્યા, સામંતની પત્ની.

ગાંધીબા—રા૦ કવાટની સાધ્વી પત્ની.

સુલોચના-દંડકરાજની પત્ની, કાન્તા તથા કર્ણસીંહની માતા.

હીરબાઇ—આયરની પુત્રી, હરભમની પત્ની.

છબીલી—હીરબાઇની ચાકરડી, છબીલાનું પ્રેમપાત્ર.

એ સિવાય દાસ, દાસીઓ, લશ્કર, સીપાઇઓ, દેવી, વાઘ, નાગ વિગેરે વિગેરે.

ૐ

श्री गणेशायनमः

श्री सारस्वत्यैनमः

રા'નવઘણ નાટકના ગાયનો

મંગળાચરણ.

આળાઓ—

શ્રી હરી સૃષ્ટિના ત્રિભુવર સુખકર
પરબ્રહ્મ પરમેશ સહુના શુભ કર્તા દુઃખ હર્તા....
પ્રીયકર !—શ્રી હરી.

લીલા અકળ વિમળ છે જ્ઞાની પણ નવ કળે
ગુણગામી નિષ્કામી સુખધામી પ્રભુસ્વામી
અખિલ બ્રહ્માંડપતિની ગતિ મતી વિચિત્ર કૃતિ
વેદને પુરાણ ઉચરે ....વિશ્વંભર !—શ્રીહરી.

૨

બાળાઓ—

ભારતમાં કેવાં કેવાં થયાં બાળ (૨)

ભીષ્મ જેવા, કૃષ્ણ દેવા'

કર્મવીર! ધીર એ ભુપાલ! ભારત.

દૈવી વ્યક્તિ, મહાન શક્તિ, ઉરમાં જેને દેશભક્તિ.

તિલકબાલ! મોહનબાળ!

હીંદના હીરા સાચા લાલ!! ભારત.

૩

દાસ દાસીઓ—

જય જય ગીરીપ્રભુ નમામિ, કલ્યાણદાતા સુખનાશાતા

ભવ ભયહર, શાંતી સુધાકર, પતિત પાવન અધમોદ્ધારણ-જય.

ભવસિંધુ તરે તુજ કૃપાએ, માનવ દાનવ આ જગમાંહે

ઉત્તમ ભક્તિ ન્યારીછે તારી, પ્રણામ....પ્રણામ...પ્રણામ-જય.

૪

હરભમ—ઓ બંગાલી બુલબુલ મારા શા કાજે રીસાઓ

હીરુબાઈ—ખંભાતી ખચ્ચર અહિંથી ઘરસેળા થઈ જાઓ

છબીલો—મારા માનીતા ભોજાઈ ચાલને બોલાવે તારા

બાપનો જમાઈ

હસમ—ગંધાતી વરિયાળી અંતરમાં માંહે ગંધાઓ
છબીલી—જાઓ ખસે. ભોળી ભામાને શામાટે સતાવો—
માસ૦

હસમ—ગૃહરાણી થઇ આ રાજાના મ્હેલોને શોભાવો
હીરબાઇ—છુટાછેડા આપી સીધા સોનાપુરમાં જાઓ
નાની નણદીના ભાઈ (૨)—થાક.

૫

કાન્તા—સખી જુવો કેવું ખિલ્યું ઉપવન !!
મીઠી મીઠી કુંજે મ્હેકે છે મીઠાં ફુલડાં !!!
સખીઓ—અલી તારૂં તેવું ખિલ્યું છે યોવન !!—મીઠી.
ભાવ રસિક રમણીના નયણાં સમજાય છે
કાન્તા—નિર્મળ આ નીર વહન થાય છે !!
સખીઓ—વિરહાકુળ કોકીલા આલાપતી જણાય છે
કાન્તા—બોલે મધુરાં બોલ !!
સખીઓ—મદભીની છે અમોલ, ઉરના તું ભેદ ખોલ
—મીઠી.
કાન્તા—શિતળ સમીર અહિં સુવાસિત વાય છે જોઇ
મને કંઇકંઇક થાય છે.

સખીઓ—મળશે મનમાન્યો મોહન કાં અધિકારી આમ !!
કાન્તા—કેડો છોડો તમામ !!
સખીઓ—હૃદયે રમે કો શ્યામ ! તેનું કહે તું નામ !!!
—મીઠી.

૬

સખીઓ—શરમાય સખી હવે શાનેરે મનમોહન મંદિર જાને
કાન્તા—શીદને આલી તું અકળાવેરે દુઃખ થાય દિલે દુર થાને
સખીઓ—બની કાન્ત તણી પટરાણી
કહે વાત અંતરની જાણી
હવે છાની વાતો કરજેરે—મન૦
કાન્તા—મુગ્ધા છું પ્રેમ અજાણી સમજાય નહિ તમ વાણી
હું હારી તમથી હારીરે—મન૦

૭

કાન્તા—પ્રેમભીનાં ! પ્રેમદાનો હાથ ઝાલી
શુદ્ધ પ્રેમથી નિભાવજો
નવઘણ—પ્રેમભીની ! સહુથી શાણી પ્યારી
સંસારને સોહાવજો.

મોહનની મીઠી મનહારી તું મોહિની
પ્રિયતમજી ચંદ્ર મારા હું તમારી રોહીણી
કાન્તા—આજ મારા ભાગ્યની ઉષા ખીલી ખીલાવજો
પ્યારા પધારી રસ પ્યાલી પીવરાવજો
રંગે રંગીલા રેલાવજો......પ્રેમભીનાં.

૮

કાન્તા—જન શું ગુમાન રાખે જીંદગી નથી સદાની
દીનચાર ખીલી ચંદા પલમાં ડુબી જવાની
રાવણ સરીખો બળીયો યુદ્ધે થઈને હાર્યો
સીતાપતિ શ્રી રામે અભિમાન ઉતારી માર્યો—જન.
જ્યારે ઈંદ્રપદ લેવા બળિને મતિ જ્યાં વ્યાપી
વામન સ્વરૂપે ત્યારે ક્ષણમાં ભૂમિને માપી-જન.

૯

જેહલ તથા આહીર કન્યાઓ—

સજો શરીરે શસ્ત્ર શિરૂનારૂણી! દેશને ઉદ્ધારવા
સંહારવા અરિ
આજે દુદુંભી નાદ ગગને વળી સ્હાય થા સ્વદેશીઓને
શંભુ શ્રી હરિ!!

દેશધન અમારૂં બચો દાનવો હરી !—સજો.
મહમર્દન કરો અરિ તણું મંગળકારી મહંત.
વીજયા તમ રક્ષા કરો આશીશ છે ઉરખંત.
વિષમ દુઃખ ટાળીને પધારજો ફરી, વીજય કીર્તિ
મણિ મોતી કંઠમાં ધરી
દિવ્ય દેહધારી, અક્ષય સુખકારી, પુનિત પદ કરી-સજો

આહીર કન્યા— ૧૦

ધન્યરમણી ! તું હીતચીંતક શુભકરણી નીજદેશ તણી કલ્યાણી !
જેહલ-પ્રિયભગીની ! આ દેશતણી ભક્તિની ઈચ્છા હૃદયે રમાણી
કન્યા—દેશભક્તિમાં સાર્થક શું છે. મેજ મજામં ફરવું
નાહક લોકો માટે બ્હેની ! વીણુ મોતે શીદ મરવું—નીજ
જેહલ—નહિં જીંદગી શોભે ધનથી નહિં વસ્ત્રાભૂષણથી
શોભા જન્મભૂમિ સન્માને ઉત્તમ એવા ગુણથી-ઇચ્છા
કન્યા—સ્વદેશની શુભ સેવા કરવા મંત્ર પ્રથમ સમજાવો !
માતૃભૂમિ ઉદ્ધારક સીદ્ધી તે અમને બતલાવો !—નીજ
જેહલ—જનમંડળને કુટુંબ ગણીને સંપ સુગંધી ફેલાવો !
આત્મબળથી સમદ્રષ્ટીએ દિવ્ય જ્યોતિ પ્રગટાવો !-ઇચ્છા

૧૧

જેહુલ–દેશભક્તિની ! જ્યોતિ અંતરમાં જગાવજો હો ! સાયબા !
દિવ્ય ભવના ફેલાય ! દેશબંધુ દીલમાંથી !
નીજ કર્મ ધર્મ ધરીને જગમાં જશ રેખા દીપાવો !!–દેશ
સામંત–શેવા હું સધું સ્વદેશની ઓ સુંદરી !
સત્કર્મ મારૂં છે સાચું એ સુંદરી !!
જેહુલ એજ આર્ય બાળ ધર્મ ધીર થઇ શોભાવજો !–દેશ.

૧૨

બાચર– લુંચ્ચા જમાઇ તેં મારી ઇજ્જતનાં આજે કરાવ્યા કાંકરા
હરભમ– પુછ્યાવીના તું મરી આ બાયડી લઇને ચાલ્યો ક્યાં વાંદરા
હીરબાઇ– ....પિતાજી મારા પીયર લઇ જાય છે.
હરભમ............વઢાના જેવું જીવન આ થાય છે.
છબીલો– કાલે સવારના જશું બજારમાં બૈરી નવીન કેઇ લાવશું
હરભમ– ત્યારે તો દીકરા હસી હરાવી નવીને પ્રીતે રમાડશું
હીરબાઇ.........ચાલો પિતાજી સુખે છોડીને ઘર
છબીલો.........બુદ્ધિમાં એમનો ડબ્બો તો ગુલ છે
હરભમ.........બાયડી થઇ ભાગવું એ તમારી !ભૂલ છે–લુચ્ચા

૧૩

મોંઘીબા– કુંરો આવ્યો આ કાળે ઇશ ! થા સહાયરે !!
સ્વામિ આધારે જીવનદોરી ભાગ્યે લખાયુ નહિં બળજોરે

શા. કવાટ—કરો ન કલ્પાંત શાણી થાને શાંત વ્હાલા સુતરે!
આંબીણા—ચાલો પ્રિય બાળ! અતિ દુ;ખ ઉરે થાયરે—કુડો.

૧૪

કન્યાઓ—આ વિશ્વમહીં વિદ્વાન વનિતા પ્રબળ છે
વળી કોમળ જેનું હૃદય કમળ વિમળ છે
અજ્ઞાન ના ની રીતભાત નહિં સારી
અંતરમાં જેણે ઝેરી કટારી ધારી.
સુશિક્ષિત નારી સહકુટુંબે ભવ તરતી
તે સદાચરણથી અક્ષય સુખને વરતી

૧૫

જેહુલ— અજર અમર પદ મેળવનારી પતિવ્રતા જગમાં!
સાવિત્રિ તારા સીતાયે દ્રૌપદી રૂકમીણી કુન્તાયે
અચળ કીર્તિ નિર્મળ વૃત્તિથી પ્રાપ્ત કરી જગમાં
કન્યા—પણ વ્હેની અર્વાચિન નારી, પ્રાચિન રીતીને ભૂલનારી
ક્યાંથી તરે ભવ સિંધુ પતિ સંગ જગમાં !!
જેહુલ—સતિને સુરવર મુનિ નમે છે આશીશ દઇ સન્માન કરે
સતિનો મહિમા છે સર્વોત્તમ જગમાં—અજર.

૧૬

જેહુલ—નાર ગુણવંતી સદા સંસારને શોભાવતી!
પતિપ્રેમમાં તન્મય બની આદર્શ જીવન ગાળતી-નારે
પ્રભૂ સમાન પતિપદ પૂજી જન્મને એ સુધારતી!
ગૃહિણી ધર્મ દિપાવી જગમાં! કુટુંબને ઉદ્ધારતી—નાર
નાર મંદમતી જે પતિને નીજ સમાન પ્રમાણતી!
આભૂષણ ધારી નવીન નિત્ય સ્વચ્છંદ સુખમાં મ્હાલતી

૧૭

સંધીઆ—વિનતિ મારી ઉરે ધરો દયાળુ! દુઃખવામી!!
તમવીણ કરું હું કોના આશ હે! મોરારી!!-વિ.
મનધારે નહિં ધીર ખબર ન આવી લમીર
તનુંજ ત્યાં છે અધીર દુઃખ દે ભારી!-વિનતિ.

૧૮

હુરભમ—ભૂલ છે (૩) રે પ્યારી આતો તમારી ભૂલ છે
માનો મધુરી આશક પડયો છું તારાપર જીવન
આકુલછે રે—પ્યારી.
હીરબાઇ—ઘેર આવો તો ભોજનજમાડું પછીથી પ્રીતીના રંગેરમાડું
હુરભમ—..........આતો કોઇ ખાનદાન કુળ છેરે—પ્યારી.

૨૮

છબીલા—સામું જુવો જરા આંખડી મીલાવીએ ઢીંગલાને ઢીંગ
લીના વેશ ભજવીયે રીસાઇ તું નાહક ફુલુલછે રે—પ્યારી
છબીલી—ભીખારી ભામટાઓ ભડકેલ ભૂત છે બ્રાહ્મણના વેશમાં
" સાચા અબધુત છે બાયડી વિનાના ભવધુળ છેરે—પ્યારી

૧૯

આચર—ગંભીર ગોટાળો તેં કીધો કરૂં બચ્ચા મારીને સીધો,
હીરબાઇ—ના મારશો ના મારશો આ બ્રાહ્મણને
હરભમ—ભાઇશાબ બાહશાબ બાપશાબ ભૂલ થઇ
આચર—કાપું તારી ઉંચી નીચી ગરદનને—ગંભીર
બ્રાહ્મણ થઇને ઠગતો જગને
છબીલી—....................મારો બગને
હરભમ—બચાવ મારી બાપુડી આ બ્રાહ્મણને લે ઉગારી—ગંભીર.

૨૦

બેહુત સ્ત્રી તથા બાલીકાઓ—

ભારતને ઉદ્ધારનારો રેંટીયો અમોને પ્યારો
ભાગ્યોદયનો સુર્ય એ છે અમારો
સોહમ્ સોહમ્ બોલ બોલે ભારત સુતનું મનડું ડોલે
આત્મભાન આપનારો તનના તાપ કાપનારો—ભારત
સુદર્શન ચક્રશક્તિ દેશની કરાવે ભક્તિ
દેશીઓને તારનારો મોક્ષધામ આપનારો—ભારત

૨૧

કાન્તા—જોગીડા ! જપેછે માળ તારી જોગણુ ! બીચારી
ભેખ ધરીને ભમે ભાનને વિસારી
પ્રેમની વિભુતી ચોળી શોધે વનેવન ખોળી—જોગીડા!
નવઘણ—સ્નેહ એવા સાચી જાણી મળી તુ સુભાગ્યે શાણી
માનુની છો હૃદય મણી ધન્ય ટેક જોઇ રમણી !
કાન્તા—છબી તારી અંતરમાં ઉતારી ઓ ! વિહારી !—જોગીડા!

૨૨.

જેહુલ—છે કેવી ખીલી રહેલી ઉપવનની બહાર
વૃક્ષને વેલી વીંટી રહેલાં અંતરમાં ધરી પ્યાર—છે.
મોર મયુર ચકોર ચકોરી કેવાં મનોહર સારસ જોડી
આનંદ કેલીથી જીવન ગાળતી રમ્ય સ્થાનોમાં આવાર—છે.
સરજનહારે સૃષ્ટિ રચી સારી ઉતમ નરનારી જોડ પ્યારી
એકલડું નહિ જીવન કામનું શૂન્ય લાગે સંસાર—છે.

૨૩

જેહુલ—આનંદની ફુલવાડીમાં હરશું ફરશું સાથ
રમશું નિર્મળ નેહથી ઝાલોને તવ હાથ
સામંત—મીઠી મેના મીઠા બોલ તારા જાણે વરસે છે અમૃતધારા
જેહુલ—નયનોનાં તારા તમે પ્રાણ પ્યારા શાણાં સલુણાં સુજાણ

૨૨

સામંત--.. .....અતિ કરમાં હું મારા વખાણું

જેહલ—નિર્મળ જીવન આ નિર્મળ થઇ ગાળશું

પ્રેમો પોષજો પ્યારા! મીઠી.

૨૪

કાન્તા—વાદલડી! ધારા અમીધારા! વરસાવ!!!

પ્યાસી ચાતકીની ને તરસાવ!!

અભીચેત—રમણી ચિત્ત રસિક રહાય હૃદયમાં નીશદીન મુઝાય

લલિત પ્રેમ ગીત ગાય પ્રિતમ વિરહે વ્યાકુળ થાય

કાન્તા—..............રસ કુંજે નિકુંજે રેલાવ!!—વાદલડી!

અભીચેત—કુસુમ ખીલ્યું આ કરમાય મનથી એ મધુકરને ચ્હાય

ગુંજે અલિ કલીપર રુદાય તોય આશી ઉરમાં અકુલાય

કાન્તા—...........શાન્તી વનમાં ઉપવનમાં ફેલાવ!!—વાદલડી

૨૫

અભીચેત—મદન મદમાતી તું શાને શરમાતી,

તું શાને શરમાતી, તું હૈયે હરખાતી—મદન

અલી તારી કંચુકી જો અંગે ના સમાતી

ધડક ધડક થાતી જોને તારી છાતી!

જોબનના ઉભરાકે તું તો થન ગનથન ગન થાતી—મદન

કાન્તા—શીદને સતાવો સખી હું તો છું અજાણી
બાળી ભોળી સમજુના જુદી રીતવાણી
સખીઓ—પ્રીતમના ઉછરંગે આતો તનમનમાં મલકાતી—મદન

૨૬

આચર-પાદરી ⎫ આજે થઈ ગઈ સાદી થાતી મટી બરબાદી
અક્રમ-હારેબાઇ ⎬ સાચી રહી આબાદી ઇચ્છાપુરી કીધી આજ
સખીઓ-છબીલી ⎭ ખુબ જોડી મળી વાહ બંનેની આશા ફળી
નાચો ગાવો આવો ધુમ મચાવો આ રસમાં સહુ-આજે

૨૭

દરબારી-કંચનીયો—જય જય સોરઠ શીરતાજ રાજ !
અવિચળ રહો અમપર નૃપાળ ! -જય
યાવત્ ચંદ્ર દિવાકર તપજો
ન્યાય નિતી નિત્ય અંતર ધરજો
અખંડિત યશ પામો ભૂપાળ ! -જય.

૨૮

જેઠલ- વેળે કરજે વ્હાર દીન ભગીનીની
હે ! સોરઠના શીરતાજ !!
અવસર આ સાચવ પ્રિયબંધુ વચન દીધું તે દિપાવ !
ભવસાગરમાં સુની ભટકતી નાવ સુકાની બચાવ !! -હે !

૨૮

દુષ્ટ દમન કરે રક્ષક થા વિર! નહિતો જશે તુજ
સમય સાધી વ્હેલેરા વળજે શીયળ રક્ષણ કાજ !

૨૯

કાંતા—ભાગ્ય તણી ગતી અદભૂત ભાળી
વિચિત્ર કૃતી નીયંતાની નિહાળી
સુખદુખ પલપલમાં પલટાય !—ભાગ્ય ;
માનવ મિથ્યા આશ ધરે મન, પુલાઇ ફોકટ તાપ
મૃગજળ પીવા મુર્ખ લલચાય
વિધિને વશ જગત જણાય !!—ભાગ્ય.

૩૦

કાંતા—મોહનજી ! મારા નરવર છો પ્યારા
નયનો તારા દીલ મુજ હરનારા
મનહારી ! છબી અંતરપટ પર ધારી
સુખ સરવર કુંજ વિહારી !!—મોહનજી !

નારાયણ—મુજ મન શીતળ કરનારી ચંદા ભુતળની ન્યારી
ઉદધી અંતર રેલવનારી

કાંતા—વિશુદ્ધમનથી સેવા કરૂં હું તમારી
પતિ નામ સ્મરણ નિત્ય છે અક્ષય સુખકારી
શિરછત્ર ચુડામણી મારા !—મોહનજી !

૩૧

મોહિની—દીન તણાં દુઃખ વિદારી
ભગીનીના કષ્ટ નિવારી
જગતમાં અમર થઇ કીર્તી યશ જાય ફેલાઇ—